GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઇટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ઝાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં. સા.કસોટી/ઓગષ્ટ/૨૦૨૧/૫૩૪૮ તા.૨૮/૦૭/૨૦૨૧

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી, / આચર્યશ્રી,
પ્રાથમિક શાળા તમામ,
ન.પ્રા.શિ.સમિતિ, સુરત.

વિષયઃ- ઓગષ્ટ-૨૦૨૧ માસમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામયિક મૂલ્યાંકન કસોટીના આયોજન બાબત.

સંદર્ભઃ માન. સચિવશ્રી જીસીઇઆરટી ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જીસીઇઆરટી/સીએન્ડઇ/૨૦૨૧/૨૦૭૩૫-૪૨ તા.૨૭/૭/૨૦૨૧

જત ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, હાલના COVID-19 ની મહામારીના સમય દરમિયાન હોમલર્નીગની સાથે મુલ્યાંકન હેતુસર જુલાઇ માસમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી (પ્રથમભાષા) , ગણિત અને અંગ્રેજી વિષયની સામયિક મૂલ્યાંકન કસોટી યોજવામાં આવેલ હતી.

ઓગષ્ટ-૨૦૨૧ માસમાં ધો-3 થી ધો-૮ ના વિદ્યાર્થીઓની સામાયિક મુલ્યાંકન કસોટીના આયોજન માટે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.

- એપ્રિલ માસમાં ધોરણ ૩ થી ૫ માં પર્યાવરણ અને ગણિત તથા ધોરણ ૬ થી ૮ માં સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની કસોટીઓ યોજવામા આવનાર છે.
- ઉપરોક્ત સામાયિક મુલ્યાંકન કસોટીઓ તા. ૨૦/૮/૨૦૨૧ અને ૨૧/૦૮/૨૦૨૧ દરમિયાન યોજવામાં આવનાર છે. તા. ૧૯/૦૮/૨૦૨૧ સુધી વિદ્યાર્થીઓ સુધી હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા. ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ જીસીઆરટીની વેબસાઇટ (www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમજ ગુજરાતી માધ્યમની કસોટી જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (index) પરના QR Code માં પણ જોઇ શકાશે.
- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીઓની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઇ વિદ્યાર્થીઓ ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં કસોટી આપે તે ઇચ્છનીય છે
- કસોટીની ઉત્તરવહીઓ તા.૦૧/૦૯/૨૦૨૧ સુધીમાં વાલી મારફતે શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઇચ્છનીય છે.
- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઇ કસોટી તૈયાર કરવામાં આવશે. કસોટીના અભ્યાસક્રમ નીચે મુજબ છે.

## સામાયિક મુલ્યાંકન કસોટી (ઓગષ્ટ-૨૦૨૧) આયોજન

| ક્રમ | ધોરણ/ વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધોરણ-3 | ધોરણ-૪ | ધોરણ-૫ | ધોરણ-૬ | ધોરણ-૭ | ધોરણ-૮ |
| ૧ | પર્યાવરણ | પર્યાવરણ | પર્યાવરણ | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન |
| પ્રકરણ નંબર | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧, ૯, ૨ | ૧, ૧૦, ૨ | ૧, ૯, ૨ |
| ૨ | ગણિત | ગણિત | ગણિત | વિજ્ઞાન | વિજ્ઞાન | વિજ્ઞાન |
| પ્રકરણ નંબર | ૧, ૨ | ૧, ૨ | ૧, ૨ | ૧, ૨ | ૧, ૨, 3 | ૧, ૨, 3 |

નોંધ – અન્ય માધ્યમની કસોટીઓમાં ધોરણ-૮ સામાજિક વિજ્ઞાન (પ્રકરણ ૧ થી 3 પ્રથમસત્ર) જૂના પાઠ્યક્રમ મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

નકલ સવિનય રવાનાઃ- પ્રતિ, પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત તરફ જાણ સારૂ

નકલ રવાનાઃ- પ્રતિ,

(૧) ઇ.ચા.ઉપશાસનાધિકારીશ્રી ન.પ્રા.શિ.સ.સુરત તરફ જાણ તથા અમલ સારૂ

(૨) નિરીક્ષકશ્રી તમામ ન.પ્રા.શિ.સ.સુરત તરફ જાણ તથા અમલ સારૂ.

(3) યુ.આર.સી.શ્રી, સી.આર.સી.શ્રી સમગ્રશિક્ષા અભિયાન મિશન સુરત તરફ કસોટીની PDF સોફ્ટ કોપી યુ.આર.સી.શ્રી,એ સી.આર.સી. મારફત શાળાને મેઇલ દ્વારા મોકલવા સારૂ.